દાખલ તારીખ – ૧૧– ૦૪– ૨૦૧૪
રજી. તારીખ –૧૧– ૦૪– ૨૦૧૪
ફેસલ તારીખ – ૩૧ – ૦૭ – ૨૦૧૪
અવધિ વર્ષ –૦૦ માસ–૦૩ દિન–૨૦

**<u>મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ સાહેબની કોર્ટમાં, માણાવદર.</u>**

**<u>ફો.કે.નં.–૧૫૧ / ૨૦૧૪</u>**

<u>આંક–૧૫</u>

શ્રી સરકાર ............ **ફરીયાદી.**

। <u>વિરુધ્ધ</u> ।

(૧) અરવિંદભાઈ ખીમાભાઈ રાઠોડ,
દલીત, ઉ.વ.૨૦,
(૨) મુકેશભાઈ ખીમાભાઈ રાઠોડ,
દલીત, ઉ.વ.૨૫,
રહે.બન્ને કોઠારીયા,તા.માણાવદર ................ **આરોપીઓ**

બાબત – આઈ. પી. સી. ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૧૧૪ તથા બી. પી. એકટ કલમ–૧૩૫ મુજબ ફરીયાદ.

ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી એ. જે. ઠકકર,

આરોપીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી બી. એન. મુછાર,

## –:: <u>ઠ રા વ</u> ::–

। ૧ । ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓઓ સાહેદ વિજયાબેન ઉર્ફે જેઠીબેન સાથે તા.૫–૧૨–૧૩ ના રોજ કલાક–૧૦–૦૦ વાગ્યાના સુમારે બાવળના લાકડા કાપવા બાબતે ઝગડો કરતા હોય, ફરીયાદી માધાભાઈ કરશનભાઈ રાઠોડ, ઉ.વ.૬૨, રહે.કોઠારીયા વાળા તેઓને સમજાવવા ગયેલા અને સમજાવતા હતા ત્યારે આરોપીઓઓએ ફરીયાદીને પણ ભુંડી ગાળો કાઢી લાકડી વડે માર મારી, ઈજા કરી, હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, આ કૃત્યમાં એકબીજાની મદદગારી કરી, ગુન્હો કરતા બનાવ સંદર્ભે ફરીયાદીની ફરીયાદ આધારે હાલના આરોપીઓ વિરુધ્ધ માણાવદર પોલીસ સ ટેશનમાં ગુના રજી.નં.સે. ૩૧૧૩/૧૦ થી ગુન્હો દાખલ થયેલ અને તપાસનીસ

અધિકારીએ તપાસના અંતે હાલના આરોપીઓ વિરુધ્ધ આઈ.પી.સી. ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુનાનુ ચાર્જશીટ દાખલ કરેલ છે.

। ૨ । આરોપીઓને સમન્સ કરતાં તેઓ કોર્ટ સમક્ષ હાજર થયેલા. આરોપીઓને પોલીસ પેપર્સની તમામ નકલો ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ અને સદર ગુન્હા સંદર્ભે આરોપીઓ સામે અંક–૪ થી તહોમતનામુ ફરમાવી આરોપીઓઓની પ્લી અંક–૫ અને ૬ થી નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ગુનાની કબુલાતનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવાની માંગણી કરેલ છે.

। ૩ । ત્યારબાદ ફરીયાદ પક્ષનો પુરાવો નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

| અંક | વિગત | રીમાર્ક |
|---|---|---|
| ૮ | ફરીયાદી માધાભાઈ કરશનભાઈ રાઠોડની જુબાની | – |
| ૯ | ફરીયાદ | અસલ |
| ૧૦ | પંચ માંડણભાઈ કમાભાઈની જુબાની | – |
| ૧૧ | રીકવરી પંચનામુ | ખરી નકલ |
| ૧૨ | બીજા પંચ સોમાભાઈ દેવાભાઈની જુબાની | – |
| ૧૩ | સાહેદ વિજયાબેન બટુકભાઈની જુબાની | – |
| ૧૪ | સાહેદ ચનાભાઈ ગોવાભાઈની જુબાની | – |
| ૧૫ | સ્થાનીક જગ્યાનુ પંચનામુ | ખરી નકલ |

। ૪ । આ કામે આરોપીઓના ક્રિ.પ્રો.કો.કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદનો નોંધવામાં આવેલ છે, જેમા આરોપીઓએ જણાવેલ છે કે, તેઓએ કહેવાતો ગુનો કરેલ નથી, પોલીસે કામગીરી બતાવવા ખોટો કેસ કરેલ છે.

। ૫ । આ કામે બંને પક્ષોની વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે.

। ૬ । ઉપરોકત હકીકતે સદર કેસનાં નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદા ઉપસ્થિત થાય છે.

**–:: મુ દા ::–**

૧. શું ફરીયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે સાબિત કરે છે કે, આરોપીઓઓ સાહેદ વિજયાબેન ઉર્ફે જેઠીબેન સાથે તા.૫–૧૨–૧૩ ના રોજ કલાક–૧૦–૦૦ વાગ્યાના સુમારે બાવળના લાકડા કાપવા

બાબતે ઝગડો કરતા હોય, ફરીયાદી માધાભાઈ કરશનભાઈ રાઠોડ, ઉ.વ.૬૨, રહે.કોઠારીયા વાળા તેઓને સમજાવવા ગયેલા અને સમજાવતા હતા ત્યારે આરોપીઓઓએ ફરીયાદીને પણ ભુંડી ગાળો કાઢી લાકડી વડે માર મારી, ઈજા કરી, હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, આ કૃત્યમાં એકબીજાની મદદગારી કરી, આઈ.પી.સી. ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

। ૭ । ઉપરોકત મુદા પરત્વેનાં મારા નિર્ણય અને તેના કારણો નીચે મુજબ છે.

–:: **નિ ર્ણ યો** ::–

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

–:: **નિર્ણય અંગેનાં કારણો** ::–

**મુદા નંબર – ૧ :–**

। ૮ । આ કામે ફરીયાદી માધાભાઈ કરશનભાઈ રાઠોડે આંક–૮ થી એવો પુરાવો આપેલ છે કે બનાવ સાતેક મહીના પહેલા તેમના ઘરે બનેલો, તેના નાના ભાઈ વાલાભાઈના પત્ની વિજયાબેન, ખીમાભાઈના દીકરા અરવિંદ અને મુકેશ સાથે ઝગડો કરતા હતા, જેથી તેઓએ સમજાવતા અરવિંદે ઉશ્કેરાઈને ગાળો આપેલ, સિવાય કશુ બનેલ નહી, શેરીમાં ઘણા લોકોનુ ટોળુ ભેગુ થવાથી તેઓને ધકકો લાગતા પડી ગયેલ અને ઈજા થયેલ, આરોપીના હાથમાં હથીયાર જોયેલ નહી અને હથીયાર વડે તેને કોઈ માર મારેલ હોય એવુ બનેલ નથી,બનાવની તેઓએ ફરીયાદ આપેલાનુ જણાવી ફરીયાદમાં અંગુઠાનુ નીશાન ઓળખી બતાવેલ છે, ફરીયાદ આંક–૯ થી રજુ કરેલ છે.

આમ મુળ ગુન્હાનો ભોગ બનેલ ફરીયાદી પોતાની જુબાની દરમ્યાન બનાવમાં અરવિંદે ગાળો આપેલાનુ અને ઝપાઝપી કરેલાનુ જણાવે છે, પરંતુ લાકડી વડે ગંભીર ઈજા કરેલાનુ જણાવતા નથી, શુ ગાળો આપેલ તે પણ જણાવતા નથી અનેપોતાની અસલ ફરીયાદ કરતા વિસંગત હકીકતોવાળી જુબાની આપતા હોય, પ્રોસીકયુસન તરફે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા ફરીયાદપક્ષના કેસમાં સમર્થનકારી હકીકતો મળી આવતી નથી.

।૯। ફરીયાદપક્ષે પંચ સાહેદ માંડણભાઈ કમાભાઈએ આંક–૧૦ થી અને સોમાભાઈ દેવાભાઈએ આંક–૧ર થી જુબાની આપી પોલીસે આંક–૧૧ વાળા તૈયાર પંચનામામાં તેઓની સહી કરાવેલાનુ અને બીજુ કાંઈ જાણતા હોવાનો ઈન્કાર કરેલ છે. તેઓ આંક–૧૧ વાળા અટક પંચનામા કરતા તદ્દન વિસંગત હકીકતોવાળી જુબાની આપતા હોય, પ્રોસીકયુસન તરફે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા ફરીયાદપક્ષના કેસમાં સમર્થનકારી હકીકતો મળી આવતી નથી.

।૧૦। ફરીયાદપક્ષે સાહેદ વિજયાબેન બટુકભાઈએ આંક–૧૩ થી એવો પુરાવો આપેલ છે કે બનાવ ૩ માસ અગાઉ તેમના ઘર પાસે સવારના દશેક વાગ્યે બનેલો, તેમના ઘર પછવાડે અરવિંદભાઈ અને મુકેશભાઈ બાવળ કાપતા હતા જેથી બોલાચાલી થયેલી, આરોપીઓએ તેને માર મારેલ હોય તેવુ બનેલ નથી. આ સાહેદ પણ પોતાના પોલીસ નિવેદનથી તદ્દન વિસંગત હકીકતોવાળી જુબાની આપતા હોય, પ્રોસીકયુસન તરફે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા ફરીયાદપક્ષના કેસમાં સમર્થનકારી હકીકતો મળી આવતી નથી.

।૧૧। ફરીયાદપક્ષે સાહેદ ચનાભાઈ ગોવાભાઈએ આંક–૧૪ થી એવો પુરાવો આપેલ છે કે, બનાવ કઈ રીતે બનેલ તેની ખબર નથી, પરંતુ બનાવમાં માધાભાઈને ઈજા થયેલ હોય તેઓ સરકારી દવાખાને લઈ ગયેલા. આ સાહેદ પણ પોતાના પોલીસ નિવેદનથી તદ્દન વિસંગત હકીકતોવાળી જુબાની આપતા હોય, પ્રોસીકયુસન તરફે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા ફરીયાદપક્ષના કેસમાં સમર્થનકારી હકીકતો મળી આવતી નથી.

।૧ર। આ કામે આંક–૧૪ થી સ્થાનીક જગ્યાનુ પંચનામું રજુ થયેલ છે, પરંતુ આ પંચનામાને મૌખીક પુરાવાનુ સમર્થન ન હોય તે આધારે આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર થયેલ ગણી શકાય નહી.

આમ સમગ્ર પુરાવાઓનુ મુલ્યાંકન કરતા મુળ ફરીયાદી અને ભોગ બનનાર સાહેદ વિજયાબેન કે અન્ય હીત ધરાવનાર સાહેદોના પુરાવા થકી કે તટસ્થ એવા પંચોના પુરાવા થકી જયારે ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન મળતુ નથી ત્યારે આરોપી વિરુધ્ધના કેસમાં વિશેષ સાહેદો તપાસવાથી પણ સમર્થનકારી પુરાવો મળી આવવાની કોઈ જ શકયતા ન હોય, ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. તેમજ પડેલ પુરાવાઓ

આધારે આરોપી વિરુધ્ધનો કેસ ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય, ફરીયાદ મુજબના મુદા નં.૧ ના આક્ષેપો પુરવાર થતા ન હોય, મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

૧. ક્રી.પ્રો.કો.ક.–૨૪૮(૧) મુજબ આ કામનાં આરોપીઓને આઈ.પી.સી. ૩૨૩, ૩૨૫, ૫૦૪ તથા બી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

૩. આ કામે આરોપીઓના જામીન મુચરકા વિગેરે હુકમ થયા તારીખથી ૬ (છ) માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**આજરોજ તારીખ ૩૧ મી માહે જુલાઈ સને ૨૦૧૪ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.**

માણાવદર.
તા. ૩૧–૦૭–૨૦૧૪.

**(પ્રકાશ ચુનીભાઈ સોની)**
જયુડી.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
**માણાવદર.**
**GJ00848**